સેવા / મહેકમ / વિષયક બાબતોમાં કેસો માર્ક
કરવાની રાહ (Channel) નક્કી કરવા અંગે...

ગુજરાત સરકાર,
**સામાન્ય વહીવટ વિભાગ,**
ઠરાવ ક્રમાંક : સીઓએસ-૧૦૯૬-૧૬૬૬-ગ-ર
સચિવાલય, ગાંધીનગર.
તા.૬-૧૧-૧૯૯૮

વંચાણે લીધા :

૧. સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૦-૧૧-૧૯૯૬ નો ઠરાવ ક્રમાંક સીઓએફગુ ૧૦૯૬-૧૬૬૬-ગ.ર
૨. સામાન્ય વહીવટ વિભાગનો તા.૮-૧-૯૭નો ઠરાવ ક્રમાંક : સીઓએસ, ૧૦૯૬-૧૬૬૬-ગ.ર.
૩. સામાન્ય વહીવટવિભાગનો તા.૨૮-૧-૯૭ નો ઠરાવ ક્રમાંક : સીઓએસ.૧૦૯૭-મુગ-૧૪-ગ.ર.
૪. સામાન્ય વહીવટ વિભાગનો તા.૨૧-૨-૯૭નો ઠરાવ ક્રમાંક : સીઓએસ-૧૦૯૬-૧૬૬૬-ગ.ર.
૫. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૬-૬-૯૭નો ઠરાવ ક્રમાંક : સીઓએસ-૧૦૯૬-૧૬૬૬-ગ-ર
૬. સામાન્ય વહીવટ વિભાગનો તા.૧૨-૯-૯૭નો ઠરાવ ક્રમાંક : સીઓએસ-૧૦૯૬-૧૬૬૬-ગ.ર.

ઠરાવ :

રાજ્ય સરકારના તાબાની સેવાઓ / જગ્યાઓ પર ફરજ બજાવતા અધિકારીઓનીસેવા / મહેકમ / શિસ્ત વિષયક બાબતોના કેસો માટે રજૂઆતનો રાહ ઉપર વંચાણે લેવામાં આવેલ ઠરાવોથીનક્કી કરવામાં આવેલ છે. જે હાલમાં અમલમાં છે.

૨. ઉપરોક્ત ક્રમાંક ૧ થી ૬ માં દર્શાવેલ ઠરાવોથી બહાર પાડવામાં આવેલ સેવા / મહેકમ / શિસ્ત વિષયક કેસોના નક્કી કરવામાં આવેલ રજૂઆતના રાહની પુનઃ વિચારણા અને સમીક્ષા કર્યા પછી આ સાથે બીડેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબનોનંબર શ્રી સેવા / મહેકમ વિષયક બાબતોનો રજૂઆતનો રાહ નક્કી કરવામાં આવે છે. આથી રજૂઆતના રાહ અંગે સર્વે વિભાગોએ આ સાથેના પરિશિષ્ટમાં દર્શાવ્યા મુજબ કેસો રજૂ કરવાનુ આથી ઠરાવવામાં આવે છે. શિસ્ત વિષયક કેસોમાં આ વિભાગના તા.૮-૧૦-૯૮ના ઠરાવ ક્રમાંક સીઓએસ-૧૦૯૮-૧૫૭૫-ગ.ર.ની જોગવાઈ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

૩. વર્ગ-રના અધિકારીઓની આવી બાબતોમાંઆ હૂકમોમાં રજૂઆતનો રાહ નિયત કરવામાં આવ્યો હોય તે સિવાયના કિસ્સામાંનાણાં વિભાગ અને સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સત્તા સુપ્રત કરવા અંગે કરેલા અન્ય હૂકમો તેમજ ગુજરાત સરકારના કામકાજના નિયમ હેઠળ ઇન્ચાર્જ મંત્રીશ્રી દ્વારા કરવામાં આવેલ સત્તા સુપ્રત કરવા અંગેના હૂકમો મુજબ કેસોનો નિકાલકરવાનો રહેશે.

૪.	આ ઉપરાંત જે કેસોમાં નાણાં વિભાગની સંમત્તિ આવશ્યક હોય તે કેસો નાણાં વિભાગની સંમતિ માટે રજૂ કરવાના રહેશે.

૫.	સામાન્ય વહીવટ વિભાગની સલાહની ઉપરવટ જઈ કોઈ કાર્યવાહી કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય તો તેવી કાર્યવાહી પહેલાં મુખ્ય સચિવશ્રીની પૂર્વ અનુમતિ મેળવવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(બી.કે. પરમાર)
અધિક સચિવ (ક.ગ)
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર.

---

ક્રમાંક : પરચ/૧૦૯૮/૪૩૭૨/સ.ફ.

ગુજરાત સરકાર
નર્મદા જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ
૯/૫, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૨-૧-૯૮

પ્રતિ,
સર્વે સેવા/મહેકમ વિષયક શાખાઓ.
ન.જ. સ. અને પા. પુ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

બીડાણ : ઉપર મુજબ

**(પી. એમ. ક્રિશ્ચિયન)**
ઉપસચિવ (મ)
નર્મદા જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ

સામાન્ય વહીવટ વિભાગના તા.૬-૧૧-૧૯૯૮ના ઠરાવ ક્રમાંકઃ સીઓએસ-૧૦૯૬-૧૬૬૬-ગ.૨. બિડાણ

પરિશિષ્ટ

મહેકમ વિષયક બાબતોમાં કેસો રજૂ કરવાનો રાહ

| અ.નં. | વિષય | રૂા.૧૨,૦૦૦-૧૬૫૦૦ કે ઉત્તરના પગાર ધોરણમાં પગાર મેળવતાં અધિકારીઓની બાબત | અન્ય વર્ગ-૧ કક્ષાના અધિકારીઓની બાબત | રિમાર્ક્સ |
|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ચ |
| ૧. | ભરતી નિયમો | ૧. વિભાગના સચિવશ્રી<br>૨. અધિક મુખ્ય સચિવશ્રી ક.ગ.ગા.વ.વિ.<br>૩. મુખ્ય સચિવશ્રી,<br>૪. મંત્રીશ્રી<br>૫. મુખ્ય મંત્રીશ્રી | ૧. વિભાગના સચિવશ્રી<br>૨. અધિક મુખ્યસચિવશ્રી, ક.ગ., આ.વ.વિભાગ | વર્ગ-૨, વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યાના ભરતી નિયમો વિભાગના સચિવશ્રી મારફત અધિક મુખ્ય સચિવશ્રી કક્ષા સામાન્ય વહીવટ વિભાગને રજૂ કરવાના રહેશે. |
| ૨. | આયોગની ભલામણ અનુસાર સીધી ભરતી | ઉપર મુજબ | ઉપર મુજબ | નિમણૂંકના ૬ માસ કે વધુ વિલંબ થયેલ હોય તે એવા બધા કેસો મુખ્ય સચિવશ્રી મારફત માન. મુખ્યમંત્રીને રજૂ કરવા |
| ૩. | (ક) અજમાયશી સમય મર્યાદા પૂર્ણ થતાં લાંબા ગાળાને ધોરણે નિમણૂંક | ઉપર મુજબ | ઉપર મુજબ | |
| | (ખ) અજમાયશી સમય ઘટાડવાની દરખાસ્ત | ઉપર કોલમ ૧ (ઘ) મુજબ | ઉપર મુજબ | |
| | (ગ) અજમાયશી સમય લંબાવવાની દરખાસ્ત | ઉપર કોલમ ૧ (ગ) મુજબ | ઉપર મુજબ | |
| ૪. | (ક) બઢતી માટેકામચલાઉ બિન શરતી પસંદગી યાદી તૈયાર કરવી | ઉપર મુજબ ૧(ગ) મુજબ | ઉપર કોલમ ૧ (ઘ) | સંયુક્ત પસંદગી સમિતિની બેઠક બોલાવવાની દરખાસ્ત અ. મુ. સચિવશ્રી, ક.ગ. સા.વ.વિ.ને. રજુ કરવી. |

| | | | |
|---|---|---|---|
| (ખ) સંયુક્ત પસંદગી સમિતિની ભલામણનો સ્વીકાર | - ઉપર મુજબ - | ઉપર કોલમ ૧(ઘ) મુજબ | ઉપસચિવ સંવર્ગમાં પસંદગી યાદી પરથી બઢતી અથવા બદલી બાબત મુખ્ય સચિવશ્રી સુધી રજુ કરવી. |
| (ગ) પસંદગી યાદીમાંથી અથવા ગુજરાત જાહેર સેવા આયોગની અનુમતિની અપેક્ષાએ સુચિત પસંદગીની યાદીમાંથી બઢતી | - ઉપર મુજબ - | ઉપર મુજબ | |
| (ઘ) બઢતીની સંભાવ્ય તારીખ | - ઉપર મુજબ - | ઉપર મુજબ | |
| (ચ) પ્રતિનિયુક્તિની બાબતો | (૧) વિભાગના સચિવશ્રી<br>(૨) અધિક મુખ્ય સચિવશ્રી ક.ગ. સામાન્ય વહીવટ વિભાગ. | ૧) વિભાગના સચિવશ્રી,<br>૨) અધિક મુખ્યસચિવશ્રી ક.ગ.: સામાન્ય વહીવટ વિભાગ | |
| (છ) ફોરેસ્ટ એસાઈમેન્ટ | ઉપર કોલમ-૧ (ગ) મુજબ | ઉપર કોલમ૧(ઘ) મુજબ | |
| (જ) અધિકારીઓની બઢતી, બદલી, નિમણૂંકોના કેસો | ઉપર કોલમ-૧ (ગ) મુજબ | ૧) વિભાગના સચિવશ્રી<br>૨) અધિક મુખ્ય સચિવશ્રી, ક.ગ. સામાન્ય વહીવટ વિભાગ | |
| ૫.(ક) સંયુક્ત પસંદગી સમિતિની ભલામણોનો અસ્વીકાર | ઉપર કોલમ-૧ (ગ) મુજબ | ઉપર કોલમ ૧ (ગ) મુજબ | |
| (ખ) આયોગની સલાહનો અસ્વીકાર | ઉપર કોલમ-૧ (ગ) મુજબ | ઉપર કોલમ ૧ (ગ) મુજબ | |
| ૬.(ક) રાજીનામું | (૧) વિભાગના સચિવશ્રી<br>(૨) મુખ્ય સચિવશ્રી, | ૧) વિભાગના સચિવશ્રી<br>૨) અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ | કોલમ૧(ગ) પૈકીના કેસોમાં ખાતાકીય તપાસ ચાલુ હોય કે સરકારી લેણું બાકીહોય તો તેવા કેસો અધિક મુખ્ય સચિવશ્રીની: ક.ગ.: સામાન્ય વહીવટ વિભાગમાં મારફત રજૂ કરવા |

| | | | |
|---|---|---|---|
| ૬. | (ક) ૫૦/૫૫ વર્ષે સમીક્ષા-અપરિપક્વ નિવૃત્તિ/ચાલુ રાખવાના કેસો. | કોલમ ૧(ગ) મુજબ | કોલમ ૧ (ગ) મુજબ |
| | (ખ) સ્વૈચ્છિક નિવૃત્તિ (ખાતાકીય તપાસ ચાલુ ન હોય કે સરકારી લેણુ બાકી ન હોય ત્યારે) | ૧) વિભાગના સચિવશ્રી<br>૨) મુખ્ય સચિવશ્રી | ૧) વિભાગના સચિવશ્રી<br>૨) અધિક મુખ્ય સચિવશ્રી, ક.ગ. સામાન્ય વહીવટ વિભાગ |
| | (ગ) સ્વૈચ્છિક નિવૃત્તિ (ખાતાકીય તપાસ ચાલુ હોય કે સરકારી લેણું બાકી હોય ત્યારે) | કોલમ ૧(ગ) મુજબ | કોલમ ૧ (ઘ) મુજબ |
| | (ચ) વયનિવૃત્તિ | - બધા જ કેસો વિભાગના સચિવશ્રી મારફત અધિક મુખ્ય સચિવશ્રી ક.ગ. સામાન્ય વહીવટવિભાગ સુધી રજૂ કરવા | |
| ૭. | પુનઃ નિયુક્તિ/સેવા-વૃદ્ધિ કરારના ધોરણે નિમણૂંકો | - કોલમ ૧ (ગ) મુજબ | - કોલમ ૧ (ગ) મુજબ |
| ૮. | (ક) બીજી જગ્યા માટે અરજી કરવી<br>(ખ) કર્મચારીને કાયમી કરવા<br>(ગ) .આગળ અભ્યાસની મંજુરી | - બધા જ કેસો વિભાગના સચિવશ્રીને રજૂ કરવા | |
| ૯. | (ક) પ્રથમ નિમણૂંક તબીબી તપાસ માંથી મુક્તિ ...<br>(ખ) સેવા સળંગ ગણવી<br>(ગ) પાસપોર્ટ માટે N.O.C.<br>(ઘ) ઉચ્ચતર પગાર ધોરણ<br>(ચ) પ્રતિનિયુક્તિની શરતો/બોલીઓ | - બધા જ કેસો વિભાગના સચિવની મારફત અધિક મુખ્ય સચિવશ્રી ક.ગ.: સામાન્ય વહીવટ વિભાગને રજૂ કરવા | |
| ૧૦. | (ક) સામાન્ય વહીવટ વિભાગની અનુમતિથી પ્રતિનિયુક્તિની શરતો નક્કી થયા બાદ ચાર વર્ષ સુધી મુદત લંબાવવી. | - બધા જ કેસો વિભાગના સચિવની મારફત અધિક મુખ્ય સચિવ ક.ગ. સામાન્ય વહીવટ વિભાગને રજૂ કરવા | |
| | (ખ) લાયકી આડ મંજૂર કરવી | બધા જ કેસો વિભાગના સચિવરીને રજૂ કરવા. | |

૧૧. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ એડહોક નિમણૂંકો :

| | | |
|---|---|---|
| (ક) કમિશ્નરશ્રીએ આપેલ નિમણૂંક ૬ માસ બાદ એક વર્ષ કે તેથી વધુ સમય ચાલુ રાખવા અથવા એડહોક નિમણૂંક દરમ્યાન છૂટા કરવા બાબત | ઉપર કોલમ ૧(ગ) મુજબ | ઉપર કોલમ ૧(ઘ) મુજબ |
| (બ) આયોગની સંમતિ મળેલ ન હોય ત્યારે એડહોક નિમણૂંક એક વર્ષ થી વધુ સમય લંબાવવાના કેસો | ઉપર કોલમ ૧(ગ) મુજબ | ઉપર કોલમ ૧(ગ) મુજબ |